**વંચાણે લીધા :**

**૧.** પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૩/૨૦૧૮, તા.૧/૧૨/૨૦૧૮

**૨.** પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૬/૨૦૨૧, તા.૩૧/૩/૨૦૨૧

**૩.** પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧/૨૦૨૨, તા.૫/૧/૨૦૨૨

## જાહેરનામું

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૧/૨૦૨૨, તા.૨૯ /૭/૨૦૨૨**

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે શાહપુરમાં મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૦/૧૧/૨૦૨૨ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો બંધ/ ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત શાહપુરમાં મેટ્રો સ્ટેશનનું બાંધકામ શરુ કરવાનું હોય જેથી કસ્તુરબા ગાંધી રોડ ઉપર શાહપુર દરવાજા બહાર પોલીસ ચોકી (અક્ષાંશ રેખાંશ : ૨૩.૩૯૪૫૦, ૭૨.૫૮૦૦૦૫) થી લઈ મહેંદી કુવા ત્રણ રસ્તા પાસે આવેલ દુકાન નં. ૫૩ ની બાજુમાં આવેલ ટૉરેન્ટ પાવરની ઇલેક્ટ્રીક ડીપી નં. CZ/0166/0982 (અક્ષાંશ રેખાંશ : ૨૩.૦૩૯૧૩૮, ૭૨.૫૮૩૦૮૩) સુધીનો રોડ આજુબાજુના રહીશો તથા દુકાનદારો ફક્ત ચાલીને અવર-જવર કરી શકે તે માટે ચાર ફુટ રસ્તો ખુલ્લો રાખી તે સિવાયનો સમગ્ર રોડ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

**(૧)** ભારે વાહનો સિવાયના તમામ (ફોરવ્હીલર તેમજ ટુ-વ્હીલર) વાહનો દિલ્હી દરવાજાથી કસ્તુરબા ગાંધી રોડ ઉપર સીધા મહેંદી કુવા ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી કાજીમીયા રોડ ઉપર મહેંદી કુવા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સીધા ડૉ. બાબા સાહેબ આંબેડકર ચાર રસ્તા (રાહત સર્કલ) થી ડાબી બાજુ વળી શાહપુર દરવાજા બહાર ચાર રસ્તાથી સીધા શાહપુર તરફ તેમજ શાહપુર દરવાજા બહાર ચાર રસ્તાથી જમણી બાજુ વળી ગાંધીબ્રીજ/ઇન્કમટેક્ષ તરફ જઇ શકાશે. તેજ રીતે ગાંધીબ્રીજ/શાહપુર તરફથી કાજીમીયા રોડ ઉપર રાહત સર્કલથી ઉપરના રુટ મુજબ દિલ્હી દરવાજા તરફ જઇ શકાશે.

**(૨)** દિલ્હી દરવાજા થી કાજીમીયા રોડ ઉપર દિલ્હી દરવાજા સર્કલ થઇ મહેંદી કુવા ચાર રસ્તા થઇ ડૉ.બાબા સાહેબ આંબેડકર ચાર રસ્તા (રાહત સર્કલ) થી ડાબી બાજુ વળી સીધા શાહપુર તરફ તેમજ શાહપુર દરવાજા બહાર ચાર રસ્તાથી જમણી બાજુ વળી સીધા ગાંધીબ્રીજ/ઇન્કમટેક્ષ તરફ તમામ પ્રકારના વાહનો જઇ શકશે અને તે જ રીતે ગાંધીબ્રીજ/શાહપુર તરફથી કાજીમીયા રોડ ઉપર રાહત સર્કલથી સીધા મહેંદીકુવા ચાર રસ્તાથી દિલ્હી દરવાજા સર્કલ થઇ દિલ્હી દરવાજા તરફ જઇ શકાશે.

**નોંધ :** ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૩૦/૧૧/૨૦૨૨ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૭/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા. ૨૫/૭/૨૦૨૨
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરશ્રીની કચેરી,સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી નામદાર ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક, વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.